ઇ મેઇલ નં.૧૪

**પોલીસ અધિક્ષકની કચેરી ખેડા-નડીયાદ**
**જિલ્લા પોલીસ ગેઝેટ નં.૩૯/૨૦૧૨**
**તા.૨૪/૦૯/૨૦૧૨ થી તા.૩૦/૦૯/૨૦૧૨ સુધી**

---

**(૧) રજા વિભાગ**

**(૨૩૫) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૨૨૧/૨૦૧૨/૨૦૧૪૫ તા.૨૫/૦૯/૨૦૧૦**

કઠલાલ પો.સ્ટે.માં ફરજ બજાવતા એએસઆઇ ભુપતસિંહ ફતેસિંહ બ.નં.૧૧૪૬ નાઓ તા.૦૪/૦૪/૨૦૧૨ થી પોતાની ફરજમાં ગેરહાજર રહેલ હતા. તેઓ કમરના મણકાની બિમારીથી પીડાતા હોય, તેઓને મેડીકલ બોર્ડમાં શારિરીક ચકાસણી અર્થે મોકલી આપેલ. આમુખ-૧ ના પત્ર અન્વયેથી ઇસ્યુ કરેલ મેડીકલ પ્રમાણપત્ર મોકલી આપેલ. જેમાં મજકૂર એએસઆઇને લાઇટ ડ્યુટી લેવાની શરતે ફીટ જાહેર કરવામાં આવેલ હોય, જેથી તેઓને આમુખ-૨ ના હુકમ અન્વયે તા.૧૯/૦૭/૨૦૧૨ થી તેમની ફરજ ઉપર હાજર કરવામાં આવેલ છે.

૨/- મજકૂર એએસઆઇની મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી આધારે તા.૦૪/૦૪/૨૦૧૨ થી તા.૧૮/૦૭/૨૦૧૨ સુધી દિન-૧૦૬ ની નીચે જણાવ્યા મુજબની રજામાં નિરાકરણ કરવા આથી હુકમ કરવામાં આવેલ છે.

**(૧) તા.૦૪/૦૪/૨૦૧૨ થી તા.૨૮/૦૫/૨૦૧૨ દિન-૫૫ ની મેડીકલ પ્રમાણપત્ર આધારે રૂપાંતરીત રજા.**

**(૨) તા.૨૯/૦૫/૨૦૧૨ થી તા.૧૮/૦૭/૨૦૧૨ દિન-૫૧ ની પ્રાપ્ત રજા**

પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉકત સમયની રજાની નોધ મજકુર એએસઆઇની સેવાપોથીમાં કરવામાં આવેલ છે.

**(૨૩૬) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૨૨૫/૨૦૧૨/૨૦૧૪૭ તા.૨૫/૦૯/૨૦૧૨**

મહેમદાવાદ પો.સ્ટે.માં ફરજ બજાવતાં આ.પો.કો. વિરમદેવસિંહ ખુમાનસિંહ બ.નં.૦૪૬ નાઓની ધર્મપત્નિને પ્રથમ પ્રસૃતિ થયેલ હોય, તેની સારસંભાળ રાખવા માટે પોતાની હાજરીની જરૂર હોય પિતૃત્વ રજાની માંગણી કરેલ છે.

૨/- જી.સી.એસ.આર.ના નિયમ-૭૦ હેઠળ બે કરતાં ઓછા બાળકો ધરાવતા પુરૂષ સરકારી કર્મચારીને તેની પત્નીના પ્રસુતિ સમયે દિન-૧૫ ની પિતૃત્વ રજા મળવા પાત્ર છે. જેથી આ નિયમ હેઠળ મજકુર પો.કો.ની છુટા થયા તારીખથી દિન-૧૫ ની પિતૃત્વ રજા મંજુર કરવામાં આવેલ છે.

**(૨૩૭) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૨૨૫/૨૦૧૨/૨૦૧૪૮ તા.૨૫/૦૯/૨૦૧૨**

ખેડા એમ.ટી. વિભાગમાં ફરજ બજાવતાં ડ્રા.હે.કો. કોદરભાઇ ચડાભાઇ બ.નં.૬૦૨ નાઓને પોતાને માથાનો દુઃખાવો રહેતો હોય અને શરીરે બેચેની થતી હોય તા.૧૩/૦૨/૨૦૧૨ ના રોજ સીક મેમો મેળવી સીકમાં ગયેલ હતા. તેઓએ સીક દરમ્યાન ખેડા સિવિલ હોસ્પીટલ ખાતે સારવાર મેળવી પોતાની તબિયત સારી થતાં મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી સાથે અત્રે હાજર થવા આવતા તેઓને આમુખ-(૧) ના હુકમ અન્વયેથી તા.૦૩/૦૯/૨૦૧૨ ક.સ.પહેલાંથી એમ.ટી.વિભાગ ખેડા ખાતે ફરજ પર હાજર કરવામાં આવેલ છે.

૨/- મજકૂર ડ્રા.હે.કો.ની મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી આધારે તા.૧૩/૦૨/૨૦૧૨ થી તા.૦૨/૦૯/૨૦૧૨ સુધી દિન-૨૦૩ ની નીચે જણાવ્યા મુજબની રજામાં નિરાકરણ કરવા આથી હુકમ કરવામાં આવેલ છે.

**(૧) તા.૧૩/૦૨/૨૦૧૨ થી તા.૦૨/૦૬/૨૦૧૨ દિન-૧૧૧ ની મેડીકલ પ્રમાણપત્ર આધારે રૂપાંતરીત રજા.**

**(૨) તા.૦૩/૦૬/૨૦૧૨ થી તા.૦૨/૦૯/૨૦૧૨ દિન-૯૨ ની પ્રાપ્ત રજા**

પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉકત સમયની રજાની નોધ મજકુર ડ્રા.હે.કો.ની સેવાપોથીમાં કરવામાં આવેલ છે.

**(૨૩૮) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/પ્રા.રો.રૂ/૨૦૨૫૫/૨૦૧૨ તા.૨૬/૦૯/૨૦૧૨**

ખેડા હેડકવાર્ટસ ખાતે ફરજ બજાવતાં અ.હે.કો. બાબુભાઇ જીવાજી બ.નં.૧૪૨૦ નાઓ તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ અવસાન પામેલ હોય, ઉપરોકત વંચાણ-૨માં લીધેલ ઠરાવ અન્વયે તેઓની લ્હેણી નિકળતી દિન-૨૦૭ ની પ્રાપ્ત રજાનો રોકડમાં રૂપાંતરીત કરવાની મંજુરી આપવામાં આવે છે.

૨/- મજકુર અ.હે.કો.નાઓને દિન-૨૦૭ રજાનો પુરો પગાર આકારવાનો રહેશે.

૩/- મજકુર કર્મચારીનો તા.૦૧/૦૬/૨૦૧૨ના રોજ મુળ પગાર રૂ.૯૬૦૦/-વત્તા ગ્રેડ પે રૂ.૨૦૦૦/-કુલ રૂ.૧૧૬૦૦/- છે.

૪/- ઉપરોકત પ્રાપ્ત રજાનાં રોકડનાં નાણાં મર્હુમની વિધવા શ્રીમતી સુશીલાબેન બાબુભાઇ બોડાત નાઓને હિસાબીશાખાએ ચુકવવાની કાર્યવાહી કરવી.

૫/- સદરહુ હુકમની નોંધ કર્મચારીના સેવાપોથીમાં રજાના બેલેન્સમાં રજા ઉધાર કરી બેલેન્સ શુન્ય કરવામાં આવેલ છે.

**(૨૩૯) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/પ્રા.રો.રૂ/૨૦૨૫૬/૨૦૧૨ તા.૨૬/૦૯/૨૦૧૨**

નડીયાદ ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતાં આ.પો.કો. નટવરભાઇ જેઠાભાઇ બ.નં.૫૯૧ નાઓ તા.૦૪/૧૨/૨૦૧૧ ના રોજ અવસાન પામેલ હોય, ઉપરોકત વંચાણ-૨માં લીધેલ ઠરાવ અન્વયે તેઓની લ્હેણી નિકળતી દિન-૨૨૪ ની પ્રાપ્ત રજાનો રોકડમાં રૂપાંતરીત કરવાની મંજુરી આપવામાં આવે છે.

૨/- મજકુર આ.પો.કો.નાઓને દિન-૨૨૪ રજાનો પુરો પગાર આકારવાનો રહેશે.

૩/- મજકુર કર્મચારીનો તા.૦૧/૧૨/૨૦૧૧ ના રોજ મુળ પગાર રૂ.૮૮૫૦/-વત્તા ગ્રેડ પે રૂ.૨૦૦૦/-કુલ રૂ.૧૦૮૫૦/- છે.

૪/- ઉપરોકત પ્રાપ્ત રજાનાં રોકડનાં નાણાં મર્હુમની વિધવા શ્રીમતી લલીતાબેન નટવરભાઇ રોહિત નાઓને હિસાબીશાખાએ ચુકવવાની કાર્યવાહી કરવી.

૫/- સદરહુ હુકમની નોંધ કર્મચારીના સેવાપોથીમાં રજાના બેલેન્સમાં રજા ઉધાર કરી બેલેન્સ શુન્ય કરવામાં આવેલ છે.

**(૨૪૦) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/પ્રા.રજા/વ.૧૨૭૨/૨૦૧૨/૨૦૪૩૮ તા.૨૯/૦૯/૨૦૧૨**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબની પ્રાપ્ત રજા મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | હોદ્દો | નામ/બ.નં./પો.સ્ટે. | રજા માંગવાનું કારણ | રજાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | આ.હે.કો. | મુળજીભાઇ માવજીભાઇ બ.નં.૫૧૫ ખેડા હેડકવાર્ટસ | પોતાના મકાનમાં સુધારા વધારા કરવા માટે | છુટા થયા તારીખથી દિન-30 ની પ્રાપ્ત રજા |

## (૨) બદલી વિભાગ

------------------------------------નીલ---------------------------------------

## (૩) શિક્ષા વિભાગ

**(૬૮) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૦૪૩૪/૨૦૧૨ તા.૨૯/૦૯/૨૦૧૨**

હું મકરંદ ચૌહાણ પોલીસ અધિક્ષક ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ શિક્ષા અને અપીલ ૧૯૫૬નાં નિયમોનાં નિયમ-૩માં મને મળેલ સત્તાની રૂએ, લો.ર.પો.કો.રાજેશકુમાર શનાભાઇ બ.નં.૦૭૯૬ નોકરી કઠલાલ પો.સ્ટે. નાઓને આ કચેરીનાં યાદી ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૭૧૯૧/૧૧ તા.૧૪/૧૧/૧૧ થી ફરમાવેલ તહોમનામું તથા અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૮૧૯૩/૧૨ તા.૨૭/૦૮/૨૦૧૨ થી ફરમાવેલ કારણ દર્શક નોટીસ સાબિત રહેતી હોય, તમોને આ હુકમ મળ્યા તારીખથી પોલીસ દળમાંથી **''બરતરફ'' (ડીસમીસ)** કરવાની શિક્ષા કરવામાં આવેલ છે.

## (૪) ઈજાફા/ બઢતી

---------------------------નીલ-------------------

## (૫) ઇનામ વિભાગ

---------------------------નીલ-------------------

## (૬) રાજીનામું/નિમણુંક/નિવૃત/અન્ય વિભાગ

**(૯૭) ક્રમાંકઃમકમ/એસબી-૧/૨૦૦૬૫/૨૦૧૨ તા.૨૪/૦૯/૨૦૧૨**

અ.પો.કો અમરૂભાઇ ધુળાભાઇ બ.નં.૯૮૩ ખેડા હેડકવા ખાતે થી ખેડા ટાઉન પો.સ્ટે બદલી થતા તેઓને બદલીવાળી જગ્યાએ જવા છુટા કરવામાં આવેલ છે. પરંતુ તા.૨૪/૯/૨૦૧૨થી ના.પો.મહાશ્રી અમદાવાદ વિભાગ અમદાવાદ ધ્વારા ખેડા જીલ્લાની વાર્ષિક તપાસણી લેનાર હોય મજકુર અ.પો.કોને કલોધીંગ સ્ટોરના ઇન્સ્પેકશનની કામગીરી માટે ઇન્સ્પેકશન પૂર્ણ થાય ત્યાં સુધી ખેડા હેડકવા ખાતે એટેચ તરીકે ફરજ બજાવવા હુકમ કરવામાં આવેલ છે.

**(૯૮) ક્રમાંકઃમકમ/એસબી-૧/નિમણુંક/૨૦૦૯૩/૨૦૧૨ તા.૨૪/૦૯/૨૦૧૨**

નીચે જણાવેલ હથિયારી/બિન હથિયારી રીક્રુટ લોકરક્ષકોની પાયાની તાલીમ પુર્ણ થયેલ હોય. તેઓને રોજીંદી પ્રત્યક્ષ તાલીમ માટે તેમના નામ સામે જણાવેલ પો.સ્ટે ખાતે નિમણુંક આપવામાં આવેલ છે.

૨/- સબંધિત અધિકારીશ્રીઓએ નિમણુંક કરેલ લો.ર.પો.કો.ની રોજીંદી ફરજો લેવાની રહેશે.

| અ.નં | હોદ્દો | કર્મચારીનું નામ | નિમણુંકનું પો.સ્ટે. |
|---|---|---|---|
| ૧ | આર્મ લો.ર.પો.કો. | દિલીપસિંહ કેસરીસિંહ પરમાર | ખેડા હેડકવા |
| ૨ | આર્મ લો.ર.પો.કો. | અરાફતઉલ્લા યુસુફખાન પઠાણ | ખેડા હેડકવા |
| ૩ | આર્મ લો.ર.પો.કો. | રણજીતસિંહ ફુલસિંહ ગઢવી | ખેડા હેડકવા |
| ૪ | આર્મ લો.ર.પો.કો. | હસમુખભાઇ કાંતીભાઇ સોલંકી | ખેડા હેડકવા |
| ૫ | આર્મ લો.ર.પો.કો. | સંજયકુમાર શનાભાઇ ડાભી | ખેડા હેડકવા |
| ૬ | અનાર્મ લો.ર.પો.કો. | મહેશકુમાર જયંતીભાઇ ચૌહાણ | નડીયાદ ટાઉન |

**(૯૯) ક્રમાંકઃમકમ/એસબી-૧/રીફે.કોર્ષ/૨૦૧૨/૨૦૨૦૮ તા.૨૬/૦૯/૨૦૧૨**

અધિક પો.મહા.નિ.શ્રી તાલીમ, ગુ.રા.,ગાંધીનગર તા.૦૧/૧૦/૨૦૦૯નો પરીપત્ર ક્રમાંકઃતાલીમ-૧/રીફ્રેશર કોર્ષ/૧૪૩૭/૦૯માં જણાવ્યાં મુજબ પોલીસ તપાસમાં કાર્યદક્ષતા વધે તે માટે પોલીસ કોન્સ્ટેબ્યુલરી સંવર્ગના તમામ કર્મચારીઓનો રીફ્રેશર કોર્ષ શરૂ કરવા સુચના આપવામાં આવેલ છે. અને તાજેતરમા વિધાનસભા ચુંટણીઓ આવી રહેલ હોય આમુખ(૨)વાળા પત્રથી રીફ્રેશર કોર્ષ શરૂ કરવા મળેલ સુચના અન્વયે ખેડા જીલ્લા પોલીસ હેડકવા ખેડા ખાતે તા.૦૧/૧૦/૨૦૧૨થી એક- એક અઠવાડીયાના આઉટ ડોર/ઇન્ડોર તાલીમ કાર્યક્રમનો રીફ્રેશર કોર્ષ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

તા.૦૧/૧૦/૨૦૧૨થી તા.૦૬/૧૦/૨૦૧૨, તા.૦૮/૧૦/૨૦૧૨ થી તા.૧૩/૧૦/૨૦૧૨ એટલે કે, સોમવાર થી શનિવાર સુધીના એક- એક અઠવાડીયાનો રીફ્રેશર કોર્ષ ખેડા હેડકવા ખાતે શરૂ કરવામા આવનાર છે, જેમા ખેડા જીલ્લા પોલીસ વિભાગના નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ /પો.ઇન્સશ્રીઓ અને પો.સ.ઇ.શ્રીઓની ઇન્ડોર તાલીમ વર્ગ લેવા માટે નિમણુંક કરવામાં આવેલ છે, જેનુ સમયપત્રક આ સાથે સામેલ રાખેલ છે. રીફ્રેશર કોર્ષના ઇન્ડોર તાલીમ વર્ગમાં જે તે વિષયના પિરિયડ લેવા જે અધિકારીઓની નિમણુંક કરેલ છે, તે અધિકારીશ્રીઓએ જે તે દિવસે પીરીયડ શરૂ થતા અગાઉ ખેડા હેડકવા ખાતે પહોંચવાનું રહેશે. અને ફાળવવામાં આવેલ વિષયની જાણકારી પોલીસ કર્મચારીઓને આપવાની રહેશે, જેની તૈયારી અગાઉથી કરી લેવાની રહેશે.

(૧) આ રીફ્રેશર કોર્ષમા આઉટ ડોર તાલીમ આપવા માટે રી.પો.સ.ઇ/પો.સ.ઇ બી.ડી.ડી.એસ અને પો.સ.ઇ કયુઆરટીનાઓની નિમણુંક કરવામાં આવેલ છે. જેનું સમય પત્રક આ સાથે સામેલ છે. આ અધિકારીશ્રીઓએ કર્મચારીઓને સમય પત્રક મુજબ હાજર રહી આઉટ ડોર તાલીમ આપવાની રહેશે.

(૨) જો કોઇ અધિકારી અનિવાર્ય સંજોગોને લઇને તેમને ફાળવેલ પીરીયડ મુજબ પીરીયડ લેવા આવી શકે તેમ ન હોય તો તેઓશ્રીએ અગાઉથી પોલીસ અધિક્ષકશ્રીની મંજુરી લેવાની રહેશે, અને પોલીસ અધિક્ષકશ્રીની સુચના અનુસાર ના.પો.અધિ.શ્રી (મુખ્ય મથક) ખેડા-નડીયાદ નાઓએ તેમની અવેજીમાં તે પીરીયડ લેવા માટે અત્રેથી વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.

**(૧૦૦) ક્રમાંકઃમકમ/એસબી-૧/રીફ્રે.કોર્ષ/૨૦૧૨/૨૦૨૦૯ તા.૨૬/૦૯/૨૦૧૨**

અધિક પો.મહા.નિશ્રી તાલીમ, ગુ.રા., ગાંધીનગર તા.૦૧/૧૦/૨૦૦૯નો પરિપત્ર ક્રમાંકઃતાલીમ-૧/રીફ્રેશર કોર્ષ/૧૪૩૭/૦૯ વાળા પરીપત્રમાં જણાવ્યાં અનુસાર પોલીસ તપાસમાં કાર્યદક્ષતા વધે તે હેતુથી ખેડા જીલ્લાના મુખ્ય મથક, ખેડા હેડકવાર્ટર ખાતે તા.૦૧/૧૦/૨૦૧૨ થી કોન્સ્ટેબ્યુલરી સંવંગના તમામ કર્મચારીઓ માટે એક એક અઠવાડીયાનો રીફ્રેશર કોર્ષ શરૂ કરવા હુકમ કરવામાં આવેલ છે.

(૧) આ રીફ્રેસર કોર્ષની પ્રથમ બેચ તા.૦૧/૧૦/૨૦૧૨ થી એક અઠવાડીયા સુધીની રહેશે. એટલે કે સોમવાર થી શનિવાર સુધીની બેચ રહેશે. બીજી બેચ તા.૦૮/૧૦/૨૦૧૨ થી તા.૧૩/૧૦/૨૦૧૨ સુધીની એ પ્રમાણે દરેક અઠવાડીયે નવી બેચ શરૂ થશે.

(૨) આ રીફ્રેશર કોર્ષમાં નડીયાદ ટાઉન, કપડવંજ ટાઉન, ખેડા ટાઉન, મહેમદાવાદ, બાલાશિનોર, પો.સ્ટે થી દશ-દશ કર્મચારીઓ તથા ડાકોર, ઠાસરા, કપડવંજ રૂરલ, માતર, નડીયાદ રૂરલ, નડીયાદ પશ્ચિમ, ચકલાસી, વસો, મહુધા, કઠલાલ, આતરસુંબા, વિરપુર, લીંબાસી, મહિલા પો.સ્ટેથી પાંચ-પાંચ પોલીસ કર્મચારીઓ તથા એલ.સી.બી.નડીયાદ, એલ.આઇ.બી નડીયાદ શાખા, એમ.ઓ.બી નડીયાદ શાખામાંથી એક-એક કર્મચારીઓને તા.૩૦/૦૯/૨૦૧૨ ના રોજ સાંજે કલાક.૧૬/૦૦ વાગે રી.પો.સ.ઇ શ્રી ખેડા હેડકવાર્ટસ નાઓને રીપોર્ટ કરે તે રીતે અચુક છુટા કરી મોકલી આપવા.

(૩) આ સમય દરમ્યાન તાલીમ લેનાર પોલીસ કર્મચારી કોઇપણ રજા ભોગવી શકશે નહી **<u>(અનિવાર્ય સંજોગો સિવાય)</u>** તેમજ તેઓને અન્ય કોઇપણ પ્રકારની કામગીરી સોપવાની રહેશે નહી. તેમજ એક અઠવાડીયાનો રીફ્રેશર કોર્ષ પુર્ણ ન થાય ત્યાં સુધી તેઓને પોલીસ બંદોબસ્તમાં પણ મોકલવાના રહેશે નહી.

(૪) આ રીફ્રેશર કોર્ષમાં પોલીસ કોન્સ્ટેબલ/ હેડકોન્સ્ટેબલ/એ.એસ.આઇ/લો.ર.પો.કોઓનો સમાવેશ કરવો.

(૫) રીફ્રેસર કોર્ષમાં આવનાર પોલીસ કર્મચારીઓએ પોતાની સાથે બેડીંગ, થાળી, વાટકો, ગ્લાસ લાવવાનો રહેશે.

(૬) રીફ્રેસર કોર્ષમાં આવનાર પોલીસ કર્મચારીઓએ મેસ એડવાન્સ પેટે રૂ.૩૦૦/- લાવવાનો રહેશે.

(૭) રીફ્રેસર કોર્ષમાં આવનાર પોલીસ કર્મચારીઓએ પોતાની સાથે પીટી ડ્રેસ, ફસ્ટ ડ્રેસ, બગલ થેલો, હોલબુટ, પટ્ટા, ટોપી, બનીયાન, ચડડી તથા પી.ટી.શુઝ બે જોડી લાવવાના રહેશે.

(૮) આ રીફ્રેસર કોર્ષ દરમ્યાન તમામ તાલીમમાર્થીઓએ હેડકવાર્ટસ ખાતે રહેવું ફરજીયાત છે. રી.પો.સ.ઇ.શ્રી ની પરવાનગી મેળવ્યાં સિવાય કોઇ તાલીમમાર્થીએ હેડકવાર્ટસ છોડવું નહી.

(૯) રીફ્રેસર કોર્ષમાં આવનાર તમામ કર્મચારીઓની રહેવાની વ્યવસ્થા રી.પો.સ.ઇ શ્રી હેડકવાર્ટસ નાઓએ હેડકવાટર્સ ખાતે કરવાની રહેશે.

આ રીફ્રેસર કોર્ષ તમામ પો.કો / હે.કો/ એ.એસ.આઇ/લો.ર.પો.કો માટે ફરજીયાત છે. જેથી થાણાં અધિકારીશ્રીઓએ પેરા નં.(૨)માં જણાવ્યા મુજબ દરેક અઠવાડીયે એટલે કે દર રવિવારે ખેડા હેડકવા ખાતે પોલીસ કર્મચારીઓને છુટા કરી મોકલવાના રહેશે. અગાઉ રીફ્રેશર કોર્ષ કરેલ હોય તો પણ કોઇપણ જાતનો ઉલટ પત્ર વ્યવહાર કર્યા સિવાય માણસોને અચુક તાલીમ માટે મોકલી આપવા.

જે કર્મચારીઓને રીફ્રેસર કોર્ષમાં મોકલવામાં આવે તેમના નામની યાદી રી.પો.સ.ઇશ્રી ખેડા હેડકવાર્ટસને તથા અત્રેની કચેરીએ અગાઉથી મોકલી આપવી. ઉપરોકત તમામ સુચનાઓની તાલીમમાર્થીઓને અચુક જાણ કરવી.

આ રીફ્રેસર કોર્ષનાં કોર્ષ કોઓર્ડીનેટર તરીકે રી.પો.સ.ઇ.શ્રી ખેડા હેડકવાટર્સનાઓ રહેશે.

**(૧૦૧) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/ફ.મો/૨૦૨૬૭/૨૦૧૨ તા.૨૬/૦૯/૨૦૧૨**

તમો આર્મ એ.એસ.આઇ મણીલાલ બેચરભાઇ બ.નં.૩૧૫ તમારી નડીયાદ ટાઉન પો.સ્ટે. ખાતે આર્મ એએસઆઇ તરીકેની નોકરી દરમ્યાન તા.૨૦/૦૯/૨૦૧૨ ના રોજ નામદાર નડીયાદ કોર્ટમાં જીલ્લા જેલ બિલોદરાથી કાચા કામના કેદીઓને મુદતે લાવવા અને મુદત પુર્ણ થતાં પરત જીલ્લા જેલ બિલોદરા ખાતે કેદીઓને મુકવા જવાની તમારી ઇન્ચાર્જ તરીકેની ફરજ હતી. તમારી સાથે અન્ય પોલીસ કર્મચારીઓ પણ હતા. તમોએ તથા કેદીપાર્ટીના કર્મચારીઓ જીલ્લા જેલથી ૨૧-આરોપીઓને સરકારી ગાડીમાં બેસાડી ક.૧૧/૦૦ વાગે નડીયાદ કોર્ટમાં લઇ આવેલા

અને કોર્ટની મુદતના પાટીયા મુજબ તમારી સુચનાથી તમારી સાથેના પોલીસ કર્મચારીઓ જે તે કોર્ટમાં કેદીઓની મુદત હોય તે કોર્ટમાં રજુ કરી ત્યાર બાદ પરત લાવી તમોને સોંપતા હતા. આ કેદીઓમાં માતર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૮૧/૧૧ ઇપીકો કલમ ૩૦૨,૩૦૭,૧૧૪ મુજબના ગુનાનો કાચા કામનો કેદી દિલીપભાઇ સોમાભાઇ વાઘેલા હતો. તેને પણ મુદત હોવાથી બિલોદરા જેલથી નામદાર કોર્ટમાં લઇ આવેલ હતા. ક.૦૧/૩૦ વાગે આ કેદીએ તમોને **" પોતાના વકીલને મળવું છે. બે પાંચ મીનીટ માટે બહાર જવા દો."** તેમ જણાવતાં તમોએ આ કેદીને બહાર કાઢતાં તે ફરાર થઇ ગયેલ. આ કામે તા.૨૦/૦૯/૨૦૧૨ ના ક.૧૭/૦૦ વાગે તમોએ ફરીયાદ આપતાં નડીયાદ ટાઉન પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૭૨/૨૦૧૨ ઇપીકો કલમ ૨૨૪,૨૨૫(ક) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ. આ ગુનામાં તમોને તા.૨૦/૦૯/૨૦૧૨ ના ક.૨૧/૧૫ વાગે અટક કરવામાં આવેલ છે.

૨/- " કેદી જાપ્તાની ફરજોમાં ચીવટ રાખવી જોઇએ. કેદી ઉપર ભરોસો રાખવો જોઇએ નહી." તેવું તમો જાણતા હોવા છતાં, કેદી જાપ્તા જેવી અગત્યની ફરજમાં તમોએ કેદીની વાતમાં આવી જઇ સમય સુચકતા નહીં વાપરી કેદીના અંગત સ્વાર્થ ખાતર તમોએ કેદીને રીઢો મુકી તમારી ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી, નિષ્કાળજી અને ઘોર ઉપેક્ષા સેવેલ હોય, તમારા વિરૂધ્ધની ખા.ત.નો નિકાલ ન આવે ત્યાં સુધી અગર તો પુનઃનિયુકતનો હુકમ ન થાય ત્યાં સુધી હુકમ મળ્યા તારીખથી ફરજ મોકુફ કરવામાં આવે છે અને તમારૂં ફરજ મોકુફીના સમયનું મુખ્ય મથક **"ખેડા મુખ્ય મથક "** નક્કી કરવામાં આવેલ છે.

૩/- ફરજ મોકુફીના પ્રથમ છ માસ માટે તમો અર્ધપગારી રજા ઉપર હોય તો તમોને જે પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ જેટલી તમોને નિર્વાહભથ્થું તરીકે મળશે.

૪/- ગુજરાત સીવીલ સર્વિસ રૂલ્સ ૨૦૦૨ (જોઈનીંગ ટાઈમ ફોરેન સર્વિસ વિ.) ના ચેપ્ટર-૫ ના નિયમ-૬૮ અનુસાર ચુકવવામાં આવેલ નિર્વાહ ભથ્થાના દર પર મળવાપાત્ર રકમ જેટલું મોંઘવારી ભથ્થું તેમજ નિયમોનુસાર અન્ય મળવાપાત્ર ભથ્થા મળશે.

૫/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તેઓ પોલીસ અમલદાર મટી જતા નથી, જે તમોએ ધ્યાનમાં રાખવું અને તમારી ફ.મો.કર્યા પહેલાની પોલીસ ખાતાની તમામ જવાબદારીઓ શિસ્ત અને નિયમને પાત્ર રહેશે. પરંતુ પો.અમલદાર તરીકે સત્તાઓ, કર્તવ્ય અને હક્કો ફ.મો.ના સમયમાં મોકુફ કરવામાં આવે છે.

૬/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તેઓનું મુખ્ય મથક ખેડા પોલીસ હેકવાર્ટસ રહેશે. મુખ્ય મથક છોડવાના પ્રસંગે સક્ષમ અધિકારીને પુરૂ સરનામું આપવાનું રહેશે. તથા જાણ કર્યા સિવાય મુખ્ય મથક છોડવામાં આવશે તો તેઓનું નિર્વાહ ભથ્થું તે સમય માટે ચુકવવામાં આવશે નહી.

૭/- ગુજરાત સેવા વર્તણુંક નિયમ ૧૯૭૧ ના નિયમ-૧૫ ની જોગવાઈની દ્રષ્ટિએ ફરજ મોકુફીના સમય દરમ્યાન કોઈ ખાનગી નોકરી ધંધો કરી શકાશે નહી. જો ફરજ મોકુફીના સમય દરમ્યાન નોકરી ધંધો કરશે તો તે ગેરવર્તણુંક બદલ ગુનેગાર ઠરશે અને તેઓના વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવાને પાત્ર થશે અને નિર્વાહ ભથ્થું મેળવવાનો હક્ક પણ ગુમાવશે.

**(૧૦૨) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૨૮૬/૨૦૧૨/૨૦૪૬૯ તા.૨૯/૦૯/૨૦૧૨**

અ.હે.કો. રમણભાઇ ધુળાભાઇ બ.નં.૧૪૩૧ નાઓ જ્યારે મહેમદાવાદ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા ત્યારે તા.૧૮/૦૯/૨૦૧૧ દિન-૦૧ ની કે.રજા ઉપર ગયેલ પરંતુ તેઓને ગળામાં કેન્સરની ગાંઠ થતાં તા.૧૯/૦૯/૨૦૧૧ થી સીકમાં ગયેલ હતા. મજકુરની સીક રજા દરમ્યાન મહેમદાવાદ પો.સ્ટે. થી માતર પો.સ્ટે. ખાતે બદલી થતાં સીકમાંથી પરભાર્યા બદલી પર જવા છુટા કરેલ હતા.

૨/- મજકુર અ.હે.કો.ને ગળામાં કેન્સરની ગાંઠ થયેલ હોય **" ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ "** (એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ અમદાવાદ) ખાતે તા.૨૮/૦૯/૨૦૧૧ થી તા.૨૮/૦૯/૨૦૧૨ સુધી સારવાર મેળવેલ છે. સદરહુ હોસ્પીટલ ખાતેની મજકુર અ.હે.કો.ની સારવાર પુર્ણ થતાં અને પોતાની તબિયત સારી થતાં મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી સાથે તા.૨૯/૦૯/૨૦૧૨ ના રોજ માતર પો.સ્ટે. હાજર થવા આવતાં તેઓને અત્રે હાજર થવા મોકલી આપેલ છે. જેથી મજકુર અ.હે.કો.ને તા.૨૯/૦૯/૨૦૧૨ ના રોજ કચેરી સમય પહેલાથી માતર પો.સ્ટે.માં ફરજ પર હાજર કરવામાં આવેલ છે.

૩/- મજકુર અ.હે.કો.ની તા.૧૯/૦૯/૨૦૧૧ થી તા.૨૮/૦૯/૨૦૧૨ સુધી દિન-૩૭૬ ની સીક સમયનો નિકાલ હવે પછીથી કરવામાં આવશે. પો.સ.ઇ.માતરનાઓએ મજકુર અ.હે.કો.નું વિગતવારનું નિવેદન મેળવી, રજાના

નિકાલ સબંધે નિયત પત્રકમાં સ્પષ્ટ અભિપ્રાય આપી વિગતવારના કાગળો અસલ મેડીકલ પ્રમાણપત્રો સહિત દિન-૦૨ માં અત્રે મોકલી આપવા. આ સાથે " **ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ** " (એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ અમદાવાદ)ના અ.નં.૧ થી ૩૦ સુધીના મેડીકલ સારવાર/ફીટનેશ સર્ટી અસલમાં સામેલ રાખી મોકલી આપવામાં આવેલ છે.

**(૧૦૩) ક્રમાંકઃમકમ/૪/૨૬૦/એસબી/વ.૧૨૮૬/૨૦૧૨/૨૦૨૪૬૯ તા.૨૯/૦૯/૨૦૧૨**

નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અમદાવાદ વિભાગ અમદાવાદનાઓની કચેરીનાં પત્ર ક્રમાંકઃએ/મકમ/આર.આર.સેલ/૫૨૫૮/૧૨ તા.૨૫/૦૯/૨૦૧૨માં જણાવેલ હુકમ અન્વયે ખેડા જીલ્લાના ચકલાસી પો.સ્ટેમાં ફરજ બજાવતાં અ.પો.કો દિલીપભાઇ ધુળાભાઇ બ.નં.૮૧૧નાઓની હંગામી ધોરણે **રેપીડ રીસ્પોન્સ સેલ (આર.આર.સેલ) અમદાવાદ વિભાગ** ખાતે એટેચ તરીકે ફરજ બજાવવા હુકમ થયેલ હોય, તેઓને નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ અમદાવાદનાઓની કચેરી ખાતે જવા છુટા કરવા હુકમ કરવામા આવેલ છે.

**(૧૦૪) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૦૩૫૫/૨૦૧૨ તા.૨૮/૦૯/૨૦૧૨**

તમો આર્મ પો.કો.નાસીર સુલેમાન સંજાણવાલા બ.નં.૨૭૪ હાલ ફરજ મોકુફ ખેડા મુખ્ય મથકનાઓ વલસાડ જીલ્લાના પારડી પો.સ્ટે.માં આ.પો.કો.તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે તમારી વિરૂધ્ધ વલસાડ ડાંગ એ.સી.બી.પો.સ્ટે.ગુ.ર.નં.૬/૨૦૧૦ ભ્ર.નિ.અધિ.૧૯૮૮ ની કલમ ૭,૧૩(૧)ઘ તથા ૧૩(૨) મુજબનો ગુનો તા.૧૫/૦૬/૨૦૧૦ ના રોજ દાખલ થયેલ હોય. અત્રેની કચેરીનાં પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/ફ.મો/૧૩૪૭૩/૧૦ તા.૨૦/૦૭/૨૦૧૨વાળા હુકમથી મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમ-૩ (૧-અ)(૧)ની જોગવાઇ હેઠળ હુકમ મળ્યા તા.૨૦/૦૭/૨૦૧૦ થી ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ હતા.

૨/- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૨ ની ખાનગી યાદીથી ફરજ મોકુફી કેસની સમીક્ષા કરી, તમારા વિરૂધ્ધ દાખલ થયેલ ફોજદારી કેસ કોર્ટ રાહે/ખાતારાહે/હાથ ધરાનાર/ધરાયેલ ખાતાકિય તપાસની કાર્યવાહીમાં જે નિર્ણય આવે તે બંધનકર્તા રહેવાની શરતે અને ત્યારબાદ જ ફરજ મોકુફીના સમય ગાળાનો નિકાલ કરવાની શરતે પુનઃફરજ પર લેવાનો નિર્ણય થતાં. આ હુકમ મળ્યા તારીખથી તમોને પુનઃફરજ પર લઇ "**મુખ્ય મથક ખેડા**" ખાતે નિમણુંક આપવામાં આવે છે.

**(૧૦૫) ક્રમાંકઃમકમ/એસબી-૩/સ્વૈ.નિ./૨૦૧૨/૨૦૩૨૦ તા.૨૮/૦૯/૨૦૧૨**

અત્રેના જીલ્લાના માતર પો.સ્ટેમાં ફરજ બજાવતા અનાર્મ એ.એસ.આઇ ગોવિંદભાઇ રામાભાઇ બ.નં.૧૨૨૯નાઓ ખેડા જીલ્લા પોલીસ દળમાંથી સ્વૈચ્છિક નિવૃત થવા વિનંતી કરતા જી.સી.એસ.આઇ પેન્શન નિયમ(૨૦૦૨) ૪૮/૪૯ હેઠળ ૨૫ વર્ષ કરતા વધારે કવોલીફાઇગ નોકરી પૂર્ણ કરેલ હોય તેઓને નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર ક્રમાંકઃડીપીપી.સ્વૈ.નિ.પ્ર/VRS/PR-1/૯૫૮૩/૦૭/૧૨ તા.૨૦/૮/૨૦૧૨ ગાંધીનગરના પત્ર આધારે મંજુર આપતા તા.૩૦/૦૯/૨૦૧૨ના રોજ કચેરી સમય બાદથી સ્વૈચ્છિક નિવૃત કરવામાં આવેલ છે.

**સહી/-**
**(કે.એન.રાજપુત)**
કચેરી અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
ખેડા-નડીયાદ

**પ્રતિ,**

જીલ્લાના તમામ પોલીસ અમલદારો તરફ/તમામ સી.પી.આઇ./રીપોસઈ ખેડા હેકવા./તમામ શાખા

**નકલ રવાનાઃ-** મદદનીશ પો.અધિ.શ્રી નડીયાદ/ના.પો.અધિ.કપડવંજ/મુ.મ.ખેડા-નડીયાદ
હિસાબી શાખા (૪ પ્રત)/ડીપીજી